જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૮/૦૭/૨૦૨૩ શુક્રવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૩૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૬ કેસ કરી, ૫૫ વ્યક્તિઓને ઝડપી, ૧૨૦ લીટર દેશી દારૂ, ૮૫૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૨ મોટર સાયકલ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૩ વ્યક્તિઓની અટકાયત કરી રોકડ રૂપિયા ૨૩,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૨૩૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૧૨૩૪/૨૦૨૩

**પાલડીઃ** જીમીભાઇ સ/ઓ સુરેશભાઇ પટેલ (રહે. મહાશક્તિ સોસાયટી ચંદ્રભાનુ સ્કુલની બાજુમાં જીવરાજ પાર્ક વેજલપુર) એ તા.૨૭/૦૭/૨૦૨૩ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૩ સાંજના ૭/૦૦ થી તા.૦૩/૦૭/૨૦૨૩ કલાક ૯/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી ચંદ્રનગર ચાર રસ્તા કુમકુમ હોટલની બાજુમાં શ્રી શક્તિ એરકારગો પ્રા.લીની ઓફિસ બહારથી પાલ્મ એકસપ્રેસ કારગો સર્વિસ નામની કંપનીનુ એક પાર્સલ કિમત રૂપિયા ૯૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.આર.શુક્લ ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૨૩૫/૨૦૨૩

નરોડાઃ નરેશભાઇ ઇસ્તારીભાઇ શ્રીપતી (ઉ.વ.૩૩) (રહે. ઇન્દીરા ગરીબનગરની ચાલી આનંદા ફ્લેટની બાજુમાં બાપુનગર) તા.૨૭/૦૭/૨૦૨૩ કલાક ૦૦/૧૫ વાગ્યાના સુમારે નરોડા પાટીયા નેશનલ હેન્ડલુમ સામેથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે વાદળી રંગની ટી.વી.એસ.અપાચી મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ નરેશભાઇ શ્રીપતીના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૫૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ નરેશભાઇ શ્રીપતીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ નરોડા પોલીસ ચલાવે છે.

**રામોલઃ** બીપીનભાઈ નટવરભાઈ પટેલ (ઉ.વ.૪૪) (રહે. જલસાગર પાર્ક ગુરૂકુળ સામે વસ્ત્રાલ રામોલ) તા.૨૨/૦૭/૨૦૨૩ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે રામોલ વસ્ત્રાલ જડેશ્વર ગાર્ડન પાસે બી.આર.ટી.એસ વર્કશોપના ગેટ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સફેદ રંગના એક્સેસ જેવા સ્કુટર ઉપર આવેલ બે પુરૂષ બીપીનભાઈ પટેલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બીપીનભાઈ પટેલે તા.૨૭/૦૭/૨૦૨૩ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી હિરેન્દ્રસિંહ અનોપસિંહ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩૬/૨૦૨૩</u>**

**સરખેજઃ** મહેશસિંહ સ/ઓ મોહનસિંહ બગેલ (ઉ.વ.૩૬) (રહે. જે.ડી.એન્ટરપ્રાઇઝ ટીફીન સર્વીસની ઉપરની રૂમમાં, પ્રણામ સ્કુલની બાજુમાં, સપના ટોકીઝ પાછળ સરખેજ) તા.૨૭/૦૭/૨૦૨૩ કલાક ૮/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેઠાણ ખાતે ગેસના ચુલા ઉપર એલ્યુમીનીયમના કુકરમાં દાળ બનાવતી વખતે કુકર ફાટતા મહેશસિંહ બગેલને ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતુ. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૩૭/૨૦૨૩</u>**

**સોલા હાઈકોર્ટઃ** કુલસિંઘ સ/ઓ વિનોદભાઇ નાઇ (ઉ.વ.૨૩) (રહે. રામ ક્રિષ્ણનગર સોસાયટી આરતી ટેનામેન્ટની બાજુમાં ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૩ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે રેલવે ટ્રેકની બાજુમાં આવેલ ખુલ્લી જગ્યામા લીમડાના ઝાડની ડાળી સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**અમરાઇવાડીઃ** મનોજકુમાર બેચરભાઇ પરમાર (ઉ.વ.૬૯) (રહે. તેજેન્દ્ર એપાર્ટમેન્ટ અમરાઇવાડી પોસ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૭/૦૭/૨૦૨૩ કલાક ૮/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના ભાગે લોખંડની એંગલ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**વટવાઃ** આરતીબહેન વા/ઓ વિપુલભાઇ રાઠોડ (ઉ.વ.૨૧) (રહે. આસોપાલવ સોસાયટી મહાલક્ષ્મી તળાવ વટવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાથી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતના ભાગે લોખંડના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.પટેલ ચલાવે છે.

**કાગડાપીઠ**: નિતેષ મુન્નાસિંગ પરિહાર (ઉ.વ.૩૨) (રહે. કંગાલપુરી ગામ જુની પાયલોટ ડેરી પાસે કાંકરીયા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૩ સાંજના ૫/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આશિષકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી